કો. સલ.

આદર્શ નિવાસી શાળા (વિ.જા.), કન્યા, પાટણનાં મકાનમાં મરામત કામ કરવા બાબત

**ગુજરાત સરકાર,**
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ
ઠરાવ ક્રમાંકઃઅનશ/૧૦૨૦૧૮/૧૬૨૭૮/અ.૧
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ-૧૩/૧૧/૨૦૧૮

**વંચાણે લીધાઃ-**

(૧) નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ ખાતાનો તા.૦૫/૦૧/૨૦૧૮ નો પત્ર ક્રમાંકઃ વિજાક/આ.નિ.શા./રીપેર/૨૦૧૭-૧૮/૭

(૨) નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ ખાતાનો તા.૦૫/૧૦/૨૦૧૮ નો પત્ર ક્રમાંકઃ વિજાક/આનિશા/મરામત/૨૦૧૮/૧૫૬૪

**આમુખ :**

નિયામકશ્રી, વિકસતિ જાતિ કલ્યાણ ખાતાએ વંચાણે લીધેલા ક્રમાંકઃ-(૧)નાં તા.૦૫/૦૧/૨૦૧૮ના પત્ર તેમજ વંચાણે લીધેલા ક્રમાંકઃ-(૨)નાં તા.૦૫/૧૦/૨૦૧૮નાં પત્રથી આદર્શ નિવાસી શાળા (વિ.જા.), કન્યા, પાટણનાં મકાનમાં મરામત કામ માટે થનાર અંદાજિત ખર્ચ ₹૯.૨૦ લાખ (અંકે રૂપિયા નવ લાખ વીસ હજાર પૂરા)ની વહીવટી મંજૂરી આપવા દરખાસ્ત કરેલ હતી. જે સરકારશ્રીની સક્રિય વિચારણા હેઠળ હતી.

**ઠરાવ :**

પુખ્ત વિચારણાને અંતે આદર્શ નિવાસી શાળા (વિ.જા.), કન્યા, પાટણનાં મકાનમાં મરામત કામ માટે થનાર અંદાજિત ખર્ચ ₹૯.૨૦ લાખ (અંકે રૂપિયા નવ લાખ વીસ હજાર પૂરા)ની નીચે દર્શાવેલ શરતોને આધિન વહીવટી મંજૂરી આપવામાં આવે છે.

(૧) નાણાંકીય વર્ષ ૨૦૧૮-૧૯માં થયેલ બજેટ જોગવાઇ અને તેની સામે નાણાં વિભાગ દ્વારા ફાળવવામાં આવેલ ગ્રાન્ટની મર્યાદામાં જ ખર્ચ કરવાનો રહેશે.

(૨) આ કામના ટેન્ડર પ્રોસેસીંગમાં સરકારના ઉધોગ અને ખાણ વિભાગના તા.૨૨/૧૧/૨૦૦૬ના ઠરાવ ક્રમાંકઃએસપીઓ/૧૦૨૦૦૫/૧૪૦૭/ચ માં ઇ-ટેન્ડરીંગ અંગે આપવામાં આવેલ

સૂચનાઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૩) આ અંગેનું ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતો-વખત લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઇઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.

(૪) આ મંજૂરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાંકીય ઔચિત્યના સિધ્ધાંતોનો ચૂસ્તપણે અમલ કરવાનો રહેશે.

(૫) આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

આ અંગેનું ખર્ચ માંગણી નં.૮૪, મુખ્ય સદર: ૪૨૨૫ અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત આદિજાતિઓ, અન્ય પછાત વર્ગો અને લઘુમતીઓના કલ્યાણ અંગે મૂડી ખર્ચ જોગવાઇ, પેટા મુખ્ય સદર: ૦૩ પછાત વર્ગોનું કલ્યાણ, ગૌણ સદર:૨૭૭ શિક્ષણ, પેટા સદર:૪૨ મકાનો, વિગતવાર સદર:૦૦, હેતુ સદર:૫૩૦૦ મોટા કામ, નવા કામ ૧૧ જુદા જુદા (મા. અને મ.) પ્રભાગ રાજ્યમાં અન્ય પછાત વર્ગો માટેના સરકારી મકાનોની પુન: સજાવટ હેઠળ કરવામાં આવેલ જોગવાઇમાંથી કરવાનું રહેશે.

આ ઠરાવ ફાઇલ પરની અગ્ર સચિવશ્રી(સા.ન્યા.)ની તા.૧૧/૧૦/૨૦૧૮ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

**( આઇ. એમ. ઘાંચી )**
સેકશન અધિકારી
સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ

**પ્રતિ,**
નિયામકશ્રી,
વિકસતી જાતિ કલ્યાણ ખાતું,
બ્લોક નં.૪/૩. ડૉ.જીવરાજ મહેતા ભવન,
ગાંધીનગર.

**<u>નકલ રવાના:-</u>**

- માન.મંત્રીશ્રી (સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી (સા.શૈ.પ.વ.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.

- અગ્ર સચિવશ્રી(સા.ન્યા.)ના અંગત મદદનીશશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી(ખર્ચ)ના અંગત મદદનીશશ્રી, નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રીના અંગત મદદનીશશ્રી, માર્ગ અને મકાન વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- ના.કા.ઇ.શ્રી, ના.કા.ઇ.શ્રીની કચેરી(માxમ) પેટા વિભાગ, રાજ મહેલ કંપાઉન્ડ, પાટણ-૩૮૪૨૬૫
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, રાજકોટ/અમદાવાદ
- નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર.
- નાણાં સલાહકારશ્રી, (સા.ન્યા.અને અધિ.વિ.) સચિવાલય, ગાંધીનગર.
- નાયબ નિયામકશ્રી (વિ.જા.ક), પાટણ (નિયામકશ્રી (વિ.જા.ક) મારફત)
- જિલ્લા તિજોરી અધિકારીશ્રી, પાટણ
- સેકશન અધિકારીશ્રી, (બજેટ/ કો.સેલ શાખા), સા.ન્યા.અને અ.વિ,, સચિવાલય, ગાંધીનગર.
- સિલેકટ ફાઇલ-૨૦૧૮